# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com

## અખબારી યાદી

તા. 30-૦૧-૨૦૨૨

ગુજરાતમાં વિધવા બહેનોને ૧૯૭૯ થી વિધવા સહાય આપવાની સામાજીક સુરક્ષા યોજનામાં છેલ્લા **એક વર્ષમાં ત્રણ મહિના કે પાંચ મહિના સુધી વિલંબના કારણે અનેક વિધવા બહેનો - તેના પરિવારોને જીવન નિર્વાહમાં મુશ્કેલી** પડી રહી છે. ત્યારે ઉત્સવો - તાયફાઓ અને જાહેરાતોમાં કરોડો રૂપિયા વેડફી દેનાર ભાજપા સરકાર વિધવા બહેનોને સમયસર સહાય ચુકવે તેવી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં નિરાધાર વિધવા પેન્શન યોજના હેઠળ બહેનો અને ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ વિધવા બહેનો કે જે પરિવારમાં જીવન જીવતા બહેનોને સહાય આપવાની યોજના અસ્તિત્વમાં છે. છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીમાં અનેક પરિવારો આર્થિક રીતે તકલીફનો સામનો કરી રહ્યાં છે. રાજ્યમાં **સતત વધતી જતી મોંઘવારી, મોંઘુ શિક્ષણ અને આરોગ્ય સેવાના કારણે સામાન્ય - મધ્યમવર્ગને જીવન જીવવુ મુશ્કેલ** બની ગયું છે. પરિવારનો આધાર ગુમાવવાથી અનેક પરિવારો લાચારીની સ્થિતી અનુભવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા વિધવા બહેનોને અપાતી સહાય પણ ઘણી મર્યાદીત હોય છે. ગુજરાતમાં નિરાધાર પેન્શન યોજના હેઠળ ગુજરાતમાં ૬,૫૪,૨૩૮ નોંધાયેલ છે જેમાં સૌથી વધુ વડોદરામાં ૪૪૭૭૦, સુરતમાં ૪૨૫૨૭, આણંદમાં ૪૧૩૦૦, રાજકોટમાં ૩૯૩૯૫, ખેડામાં ૩૯૩૯૯, અમદાવાદમાં ૩૮૫૯૫ માં છે. જ્યારે ઈન્દિરા ગાંધી વિધવા પેન્શન યોજના હેઠળ ગુજરાતમાં ૪,૩૮,૫૨૨ જેમાં સૌથી વધુ અમદાવાદમાં ૫૫૫૭૮, પંચમહાલમાં ૨૪૫૦૨, ભાવનગરમાં ૨૩૬૨૫, આણંદમાં ૨૨૦૩૨, મહેસાણામાં ૨૧૮૧૫, પાટણમાં ૨૦૯૭૭ છે. આમ કુલ ગુજરાતમાં નિરાધાર વિધવા બહેનો અને ગંગાસ્વરૂપા લાભાર્થી બહેનોની સંખ્યા ૧૦,૯૨,૭૬૦ છે. રાજ્યમાં 33 જીલ્લામાં ૩.૭૦ લાખ જેટલી વિધવા બહેનો સરકારના ચોપડે નોંધાયેલ છે. જેમાંથી બે લાખ જેટલી વિધવા બહેનોને જ સહાય મળતી હોવાનું સરકારે બજેટમાં સ્વિકાર્યું છે. હકિકતમાં અનેક બહેનો સરકારી યોજનાઓમાં નોંધણીથી વંચિત છે. ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક ૧,૨૦,૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૧,૫૦,૦૦૦ આવકની મર્યાદા છે. તેવા સંજોગોમાં મર્યાદીત સહાય પણ વિલંબથી ચુકવાય અથવા તો **ત્રણ - પાંચ મહિના સુધી ન મળવાને કારણે ગરીબ - સામાન્ય વર્ગની વિધવા બહેનોને વિશેષ કરીને પોતાના બાળકોનો ઉછેર કરવો, ફી ભરવી અને જીવન નિર્વાહ ચલાવવો અતિ મુશ્કેલ** છે. કલેક્ટર કચેરી અને રાજ્ય સરકારમાં વિધવા બહેનો કે સામાજીક કાર્યકરો રજુઆત કરે તે અંગે પણ સરકાર ગંભીરતાથી નિર્ણય ન કરીને મળવાપાત્ર મર્યાદિત સહાય પણ અનેક જીલ્લાઓમાં અટવાઈને પડી છે. સરકારમાં વિભાગના અધિકારીઓ **કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટના નાણાં ન આવવાથી રાજ્ય સરકાર સહાય ચુકવી શકી નથી તેવી વાતો - દલીલો** કરે છે. સામાજીક સુરક્ષા માટેની રાષ્ટ્રીય વિવિધ યોજનાઓ હેઠળ મળવાપાત્ર વિધવા સહાય, વૃધ્ધો માટેનું પેન્શન સહિતની અનેક સ્કીમમાં છેલ્લા ઘણા સમયથી વિલંબ થવાને કારણે અનેક પરિવારો પોતે નિરાધાર હોય તેવો અહેસાસ કરી રહ્યાં છે. ત્યારે રાજ્ય સરકાર અને ખાસ કરીને સત્તાધીશો **માનવીય અભિગમ રાખીને ઝડપી મળવા પાત્ર સહાય ચુકવવા કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.**

| | |
|---|---|
| નિરાધાર વિધવા પેન્શન યોજના લાભાર્થી | ૬૫૪૨૩૮ |
| ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિધવા પેન્શન યોજના | ૪૩૮૫૨૨ |
| કુલ લાભાર્થી બહેનોની સંખ્યા | ૧૦૯૨૭૬૦ |

( ડૉ. મનિષ એમ. દોશી )
મુખ્ય પ્રવક્તા